# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : ગુરુવાર

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

---

- ✓ સર્વોચ્ચ અદાલતે NTAને નીટ-યૂજી 2024ના તમામ પરીક્ષાર્થીઓના પરિણામો, શનિવારે સુધીમાં વેબસાઇટ પર મૂકવા નિર્દેશ કર્યો
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં નાર્કો સમન્વય કેન્દ્રની ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી
- ✓ ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં રેલ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 2 મુસાફરોનાં મોત, 20 ઘવાયા
- ✓ ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- ✓ અને શ્રાવણ માસ દરમિયાન સોમવારે કાશી વિશ્વનાથ મહાદેવના દર્શન અને પૂજા અર્ચના પર રોક લગાવાઈ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## NEET SC

સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTAને નીટ-યૂજી 2024ના તમામ પરીક્ષાર્થીઓના પરિણામો, શનિવારે બપોરે બાર વાગ્યા સુધીમાં વેબસાઇટ પર મૂકવા કહ્યું છે. મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ જે. બી પારદીવાલા તેમજ ન્યાયાધીશ મનોજ મિશ્રાની ખંડપીઠે ઉમેદવારોના નામ જાહેર ન કરતા, શહેર અને કેન્દ્ર પ્રમાણે પરિણામ

પ્રકાશિત કરવા નિર્દેશ કર્યા છે. સર્વોચ્ચ અદાલતની આ ખંડપીઠ મેડિકલ પરીક્ષા સંદર્ભેની 40 અરજીઓ પર સુનાવણી શરૂ કરી છે. આગામી સુનાવણી સોમવારે થશે. આ પૂર્વે ખંડ પીઠે પરીક્ષાની વિશ્વસનિયતા સાથે ચેડાં થયા હોવાનું સ્વીકાર્યું હતું. જોકે અદાલતે કહ્યું કે પરીક્ષા રદ્દ કરવી અંતિમ નિર્ણય ન હોઈ શકે, કારણ કે તેની સાથે 23 લાખથી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોડાયેલું છે.

## SHAH NARCO MEET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં નાર્કો સમન્વય કેન્દ્રની ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકનો હેતુ કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓના સમન્વયથી દેશમાં નશીલા પદાર્થોની હેરફેર અને તેના દુરઉપયોગ પર નિયંત્રણ કરવાનો હતો. ગૃહમંત્રાલયે એક નિવેદન જણાવ્યું કે સરકારે નશીલા પદર્થોની હેરફેરને રોકવા માટે કડક નીતિ અપનાવી છે. જે અંતર્ગત ત્રણ સૂત્રીય નીતિ દ્વારા વર્ષ 2047 સુધી દેશને નશીલા પદાર્થોથી મુક્ત બનાવવાનો હેતુ છે. આ ત્રણ સૂત્રોમાં સંસ્થાગત માળખાને મજબૂત બનાવવું, માદક પદાર્થોના નિયંત્રણ માટે કાર્યરત તમામ એજન્સીઓ વચ્ચે સમન્વય વધારવો, તેમજ વ્યાપક સ્તરે જાગૃકતા અભિયાન શરૂ કરવું સામેલ છે.

## UP RAIL ACCIDENT

ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં થયેલ રેલ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 2 મુસાફરોના મોત થયા છે, જ્યારે 20 ઘવાયા છે. ગોન્ડા ગોરખપુર માર્ગ પર માન્કાપુર સ્ટેશન નજીક, ચંદીગઢ દિબ્રુગઢ એક્સપ્રેસના છ ડબ્બા ખડી પડતા દુર્ઘટના સર્જાઈ હતી. ઘટના વિશે માહિતી મળતા જ રેલવે પ્રશાસનના અધિકારી તેમજ બચાવ ટુકડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા. અકસ્માતને કારણે આ માર્ગ પર આવતી ઘણી ટ્રેનો મોડી ચાલી રહી છે. રેલવે દ્વારા હેલ્પલાઇન નંબર જાહેર કરાયા છે, જે અનુસાર લખનઉ માટે 8957409292 અને ગોંડા માટે 8957400965 નંબર પર ફોન કરીને માહિતી મેળવી શકાશે.

## MANDAVIA KIRTI

કેન્દ્રીય યુવા અને ખેલ મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે નવી દિલ્હીમાં ખાતેથી ‘ખેલો ઇન્ડિયા રાઇઝિંગ ટેલેન્ટ આઇડેન્ટિફિકેશન’ – કિર્તી પહેલની બીજી શ્રેણીનો પ્રારંભ કરાવશે.

કિર્તીની કલ્પના આધુનિક આઇસીટી ઉપકરણો અને વૈશ્વિક શ્રેષ્ઠતમ રીતોના આધારે પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ માટેની વ્યવસ્થા ઉભી કરવા માટે કરાઈ છે. તેનો હેતુ જમીની સ્તરના ખેલાડીઓને એક મંચ પર લાવવાનો છે.

આ પહેલ અંતર્ગત તમામ રાજ્યોના મળીને કુલ 20 લાખ પ્રતિભાશાળી ખેલાડીઓનું 2024-25 માટે મૂલ્યાંકન કરાશે. આ પહેલનો પ્રથમ તબક્કો ચંદીગઢમાં શરૂ કરાયો હતો. જેમાં 70 જેટલાં કેન્દ્રો પર ત્રણ લાખ, 683 ખેલાડીઓની નોંધણી કરાઈ. ઇચ્છુક એથલીટોનું મૂલ્યાંકન 11 જેટલી સ્પર્ધાઓમાં કરાયું, જેમાં તીરંદાજી, એથલેટિક્સ, બેડમિન્ટન, મુક્કેબાજી, ફૂટબૉલ, કબડ્ડી, ખો-ખો, વોલીબૉલ, ગોળા ફેંક અને કુશ્તી સામેલ છે.

## COAL MINISTRY

વિશ્વની પાંચ સૌથી મોટી કોલસાની ખાણોમાંથી બે ભારતમાં હોવાનું કેન્દ્રીય કોલસા મંત્રાલયે જણાવ્યું છે. છત્તીસગઢ સ્થિત ગેરવા અને કુસમુન્ડા નામની આ બંને ખાણોનું સંચાલન કોલ ઇન્ડિયા સબ્સિડરી સાઉથ ઇસ્ટર્ન કોલફિલ્ડ લિમિટેડ દ્વારા કરાઈ રહ્યું છે. વર્લ્ડ એટલાસ ડોટ કોમના અહેવાલ અનુસાર ગેરવા વિશ્વની બીજી સૌથી મોટી જ્યારે કુસમુન્ડા વિશ્વની ચૌથી સૌથી મોટી ખાણ છે.

વર્ષ 1981થી કાર્યરત ગેરવા ખાણની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 7 કરોડ ટન છે. ગત વર્ષે આ ખાણમાંથી 5.90 કરોડ ટન કોલસાનું ઉત્પાદન થયુ હતું. તેમાં આગામી દાયકા માટે દેશની ઊર્જા જરૂરિયાતો પૂર્ણ કરવા માટે જરૂરી કોલસાનો ભંડાર છે. તો કુસમુન્ડા ખાણમાં ગત વર્ષે 5 કરોડ ટનથી વધુ કોલસાનું ઉત્પાદન થયું હતું.

## PRESIDENT BOOK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણોના સંકલન આધારિત પુસ્તક ‘વિંગ્સ ટૂ અવર હોપ્સ – ખંડ 1’નું રાષ્ટ્રપતિ ભવનમાં વિમોચન કરાયું.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ  તેમજ, માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગનની ઉપસ્થિતિમાં, પુસ્તકની ઇ- આવૃતિ સહિત અંગ્રેજી અને હિન્દી આવૃતિનું વિમોચન કરાયું. આ પ્રસંગે વધુ  બે પુસ્તકો ‘કહાની રાષ્ટ્રપતિ ભવન કી’ અને ‘રાષ્ટ્રપતિ ભવન: હેરિટેજ મીટ્સ ધી પ્રેઝન્ટ’નું વિમોચન પણ કરાયું.

આ પ્રસંગે બોલતા શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે રાષ્ટ્રપતિએ તેમનું સમગ્ર જીવન સમાજ, ખાસ કરીને વંચિતોના હિત કાર્યો માટે સમર્પિત કર્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ પુસ્તકોના વિમોચનથી રાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિ ભવન સાથે સામાન્ય લોકોનો સંબંધ વધુ મજબૂત બનશે.

કાર્યક્રમ દરમિયાન માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ.મુરુગને પુસ્તકોને પ્રામાણિક દસ્તાવેજ ગણાવતા તે આગામી પેઢી માટે મૂલ્યવાન સાબિત થશે તેમ જણાવ્યું

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## IMD WEATHER

હવામાન વિભાગે તટિય આંધ્ર પ્રદેશ, યનમ, તેલંગાણા તેમજ છત્તીસગઢના વિવિધ ભાગોમાં આગામી બે દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગો, કોંકણ, ગોવા, તટિય, કર્ણાટક, દક્ષિણ કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.

આગામી પાંચ દિવસમાં કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, તટિય આઁધ્રપ્રદેશ અને કર્ણાટકના કેટલાંક ભાગોમાં મુશળધાર વરસાદ પડી શકે છે.

જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વીય રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, દિલ્હીમાં ગાજવીજ સાથે હળવો વરસાદ વરસી શકે છે. ઉપરાંત પાંજાબ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમી રાજસ્થાનમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

## KASHI VISHWANATH DHAM

શ્રાવણ માસના દરેક સોમવારે કાશી વિશ્વનાથ મંદિરે મહાદેવના તમામ પ્રકારના દર્શન અને પૂજા-અર્ચના પર રોક લગાવાઈ છે. 22 જુલાઈથી શરૂ થતો શ્રાવણ માસ 19 ઑગસ્ટ

સુધી ચાલશે. આથી વારણસીના કાશી વિશ્વનાથ ધામ મંદિર દ્વારા દર્શનને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

આકાશવાણીના અમારા સંવદદાતા જણાવે છે કે વારાણસી પોલીસ કમિશ્નરે શ્રાવણ માસને પગલે શ્રદ્ધાળુઓના ધસારાને જોતા સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં શ્રદ્ધાળુઓની વ્યવસ્થા, દર્શન, મંદિરની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાઈ.

## DODA GUNFIGHT

જમ્મુના ડોડા જિલ્લાના જંગલમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં બે જવાનને ઇજા થઈ છે. અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે મધરાત્રે બે વાગે કાસ્તીગઢ વિસ્તારના એક ગામમાં અથડામણ થઈ હતી. આતંકવાદીઓએ એક સરકારી શાળામાં બનાવાયેલી કાયમી સલામતી છાવણી પર ગોળીબાર કર્યો. સલામતી દળોએ જવાબમાં કરેલી કાર્યવાહીને પગલે એક કલાક સુધી સામ સામે ગોળીબાર ચાલુ રહ્યો હતો. આતંકવાદીઓના ગોળીબારમાં બે જવાનને નજીવી ઇજા થઈ છે.

ઉલ્લેખનીય છે કે સોમવારે રાત્રે આતંકવાદીઓએ કરેલા હુમલામાં એક કેપ્ટન સહિત ચાર જવાનો શહીદ થતાં દેસા અને આસપાસનાં જંગલમાં મોટા પાયે શોધ અભિયાન ચાલુ છે.

## KARNATAKA-JOB QUOTA

કર્ણાટક સરકારે રાજ્યમાં ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં સ્થાનિક નિવાસીઓને અનામતની જોગવાઈ કરતા ખરડાને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. ઉદ્યોગ સંગઠનો અને નિષ્ણાતોએ વિરોધ કર્યા પછી સરકારે પોતાનો નિર્ણય પાછો ઠેલ્યો છે. ગયા સોમવારે કર્ણાટકનાં ઉદ્યોગો, ફેક્ટરીઓ અને અન્ય ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક ઉમેદવારો માટે અનામત ક્વોટાની જોગવાઈ કરતો ખરડો પસાર કરવામાં આવ્યો હતો. ખરડામાં જોગવાઈ કરવામાં આવી હતી કે ખાનગી ક્ષેત્રમાં મેનેજમેન્ટ હોદ્દાઓ પર 50 ટકા, નોન-મેનેજમેન્ટ હોદ્દાઓ પર 75 ટકા તથા ગ્રુપ સી અને ગ્રૂપ ડી હોદ્દાઓ પર 100 ટકા જગ્યા કન્નડ નાગરિકો માટે અનામત રહેશે.

જો કે, મુખ્યમંત્રી સિધ્ધારમૈયાએ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, ખરડાને સ્થગિત કરવામાં આવ્યો છે.

## *20* JAGANNATH RATNA BHANDAR

ઓડિશામાં પુરીના શ્રી જગન્નાથ મંદિરમાં પવિત્ર રત્ન ભંડારમાં રહેલી કિંમતી વસ્તુઓ અને આભૂષણોને સરકારને સોંપવામાં આવ્યા છે. ભગવાન જગન્નાથ, બલભદ્ર અને દેવી શુભદ્રાજીની પૂજા-અર્ચના બાદ ઓડિશા સરકાર દ્વારા રચાયેલી 11 સભ્યોની સમિતિને સોંપવા માટે રત્ન ભંડાર ફરી ખોલવામાં આવ્યા, જે બાદ  સાંજે તેમને સરકારી સમિતિને સોંપવામાં આવ્યા.

ગત રવિવારે 39 વર્ષો બાદ રત્ન ભંડાર ખૂલ્લા મૂકાયા હતા, જે બાદ તેમની ગણતરી કરવામાં આવી હતી.

## T-20 WOMENS ASIA CUP

મહિલા એશિયા કપ T-20 ટૂર્નામેન્ટ આવતીકાલથી શ્રીલંકાના દામ્બુલામાં શરૂ થશે. ટૂર્નામેન્ટની તમામ મેચો રંગીરી દામ્બુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. ટુર્નામેન્ટની ઉદઘાટન મેચ ગ્રૂપ-એમાં સંયુક્ત આરબ અમીરાત અને નેપાળ વચ્ચે રમાશે. ત્યારબાદ વર્તમાન ચેમ્પિયન ભારત ગ્રુપ Aનાં અન્ય એક મુકાબલામાં તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ જીત સાથે તેના અભિયાનની શરૂઆત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે.

ગ્રુપ Aમાં ભારત અને પાકિસ્તાનન, નેપાળ અને UAE છે, જ્યારે યજમાન શ્રીલંકા, બાંગ્લાદેશ, થાઈલેન્ડ અને મલેશિયા ગ્રુપ Bમાં છે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો 26 જુલાઈના રોજ સેમિફાઈનલમાં ટકરાશે. ફાઈનલ 28 જુલાઈના રોજ રમાશે. વર્તમાન ચેમ્પિયન ભારત વર્ષ 2018ને બાદ કરતાં એશિયા કપ ટી-20ની તમામ ટુર્નામેન્ટ જીત્યું હોવાથી ફરી એકવાર ટ્રોફી જીતવા આશાવાદી છે.